ઘણી બધી અને મોટી ભૂલો કર્યા વિના કોઇ મહાન થઇ શકતું નથી
- ગ્લેડસ્ટન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૫૬ | ૭ મે, ૨૦૧૩, મંગળવાર; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સચિવાલયમાં કર્મચારીઓ માટે પ્રવેશપ્રથા બદલાશે

## હવે, કર્મચારીઓએ કાર્ડ સ્વીપ કર્યા બાદ બાજુમાં મુકાયેલ કેમેરા સામે ઉભા રહેવાનું રહેશે



ગાંધીનગર, તા. ૬

સચિવાલય સંકુલના વિવિધ બ્લોકોમાં હવે કર્મચારીઓની પ્રવેશપ્રથામાં પણ આમૂલ પરિવર્તન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કર્મચારીએ કાર્ડ સ્વીપ કર્યા બાદ બાજુમાં મુકાયેલ કેમેરામાં તેની તસ્વીર આવે તે રીતે ઉભા રહેવાનું રહેશે.

સચિવાલય સંકુલમાં પ્રવેશ પ્રથામાં આમૂલ પરિવર્તન કરવાના નિર્ણયના ભાગરૂપે સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. પ્રારંભમાં હાલ બ્લોક નં. ૨ માં આ પ્રથા પ્રાયોગિક ધોરણે દાખલ કરવામાં આવી છે અને બે મહિના બાદ સમગ્ર સચિવાલયના તમામ બ્લોકમાં આ પ્રજા અમલી બનશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ કર્મચારીઓની હાજરીને લઈ રાજ્ય સરકારે વધુ કડક વલણ અખત્યાર કરવા માટેનું મન બનાવી લીધુ છે. સચિવાલયમાં ખાનગી વાહનોના પ્રવેશને નિયંત્રિત કરવા માટે બારકોડેડ સ્કીનીંગ પ્રથા અને હવે કર્મચારીઓ માટે કાર્ડ સ્વીપીંગ બાદ ફરજીયાત ફોટો પ્રથા અમલી બનાવવા તરફ સરકાર આગળ વધી રહી છે.

સચિવાલયના બ્લોકોમાં કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે દાખલ કરવામાં આવેલ પ્રવેશ પદ્ધતિમાં ફેરફાર કરીને હવે કર્મચારીઓએ એકસ્પ્રોરા કાર્ડ સ્વીપ કરવા સાથે કેમેરા સામે ઉભા રહી પોતાનો ફોટો પણ પડાવવાનો રહેશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવા સચિવાલયના વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ કર્મચારીઓ કચેરી સમયે આવે અને કચેરી છુટવાના સમયે જ કચેરી છોડે અને

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર શહેર -જિલ્લામાં ગરમીમાં અંશતઃ રાહત

### ચોવીસ કલાકમાં પારો ૨ ડિગ્રી ઉતરતા જનજીવનમાં નજીવી રાહત

ગાંધીનગર, તા. ૬

ગઈકાલે મૌસમની સૌથી વધુ ગરમી પડ્યા બાદ આજે ગરમીમાં થોડીક રાહત થઈ હતી. મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો અને પારો ૪૧.૦ ડિગ્રી પર સ્થિર રહ્યો હતો.

છેલ્લા ઘણા દિવસોથી હીટવેવની અસર હેઠળ સમગ્ર શહેર આવી જતાં વસાહતીઓ ભારે ગરમીથી અકળાયા હતા. અત્યંત આકરી ગરમીનો અનુભવ વસાહતીઓએ ગયા અઠવાડિયે કર્યો હતો. ગઈકાલે તો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી જતા સૌ કોઈ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જો કે આજે મહત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું ઘટી જતાં થોડીક રાહત અનુભવાઈ હતી. આજે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી અને ભેજનું પ્રમાણ સવારે ૫૯ ટકા અને સાંજે ૩૦ ટકા નોંધાયું હતું.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનું મોજુ યથાવત

## વલ્લભવિદ્યાનગર ૪૨.૪ : ગરમીનો પારો હજુ ઉપર જાય તેવી સંભાવના : બપોરે કરફ્યુ જેવો માહોલ બિનજરૂરી નીકળવા લોકો બિલકુલ ઇચ્છુક નથી : અમદાવાદ ૪૧.૫ ડિગ્રી

અમદાવાદ, તા.૬

અમદાવાદ સહિત રાજ્યમાં આજે કાળઝાળ ગરમીનું મોજું ચાલુ રહ્યું હતું. ગરમીનો પારો હજુ પણ વધુ ઉપર જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ગરમીથી બચવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. સાવચેતીના પગલા પણ લેવામાં આવી રહ્યા છે. બીજી બાજુ તીવ્ર ગરમીની સ્થિતિ વચ્ચે કન્ઝ્યુમર પ્રોડક્ટ બનાવતી કંપનીઓ પણ સક્રિય થઈ ગઈ છે અને પોતાની પ્રોડક્ટ વેચવા જુદી જુદી રાહતો આપી રહી છે. ખાસ કરીને એસી, કુલર, રેફ્રિજરેટર જેવી ચીજવસ્તુનું વેચાણ તીવ્ર ગરમીમાં વધી ગયુ હોવાનું પણ જાણવા મળી રહ્યુ છે. બપોરમાં હાલ કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. બપોરે લમણા શેકી નાખતી ગરમ લૂ ફૂંકાઈ હતી અને રસ્તા સુમસામ થઈ ગયા હતા. લોકોને ગરમીથી કોઈ રાહત મળશે નહીં. ગરમીથી બચવા માટે લોકો દ્વારા તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે સાથે સાથે બપોરના ગાળામાં રસ્તાઓ પર પણ ઓછી ભીડ જોવા મળી રહી છે. ગરમીથી બચવા લોકો બપોરમાં નીકળવાનું ટાળી રહ્યા છે.

રાજ્યના ૧૦ શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી વલ્લભવિદ્યાનગરમાં ૪૨.૪ ડિગ્રી નોંધાઈ હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દિવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કાળઝાળ ગરમીનું પ્રમાણ ચાલુ રહેશે. અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૨ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૬૪ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૨૩ ટકા નોધાયુ હતુ.

ગરમીનું પ્રમાણ વધતા પંખા, એસીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. ઉપરાંત ઠંડાપીણાના ઉપયોગમાં વધારો થઈ રહ્યો છે. તડબુચ કેરીઓની બોલબાલ વધી રહી છે. જુદા જુદા તરીકાઓ લોકો ગરમીથી બચવા માટે અજમાવી રહ્યા છે.

# ડેમના દરવાજા મુકવા માટેની મંજુરી નહીં આપવા પાછળ કેન્દ્રનો રાજકીય દોરીસંચાર છે : રાજ્ય સરકાર

ગાંધીનગર, તા.૬

ગુજરાત સરકારના પ્રવકતા, નાણાંમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમ ઉપર દરવાજા મૂકવાની મંજૂરી નહીં આપવામાં કેન્દ્રની કોંગ્રેસશાસિત યુપીએ સરકાર જ જવાબદાર છે.

આમછતાં, ગુજરાતના કોંગ્રેસી નેતા શ્રી શકિતસિંહ ગોહિલે, રાજ્યની જનતાને ગેરમાર્ગે દોરવા, મધ્યપ્રદેશ અને ગુજરાત સરકારને દોષિત ઠરાવવા જે હળહળતું જૂઠ્ઠાણું ઉભૂં કર્યું છે તેની સામે કેન્દ્ર સરકારના જ અધિકૃત અહેવાલોની સીલસીલાબંધ વિગતો સાથે કોંગ્રેસના નેતાઓને સીધો પડકાર કરીએ છીએ કે ડેમના દરવાજા મૂકવાની મંજૂરી નહીં આપવા કેન્દ્રનો રાજકીય દોરીસંચાર છે.

ગુજરાત સરકારે તો છેક ૨૦૦૬માં વિસ્થાપિતોના પૂનર્વસનની બધી જ કામગીરી પૂર્ણ કરીને જે અહેવાલ આપેલો છે તેને આર એન્ડ આર ગ્રુપ અને નર્મદા કંટ્રોલ ઓથોરિટી (ફઇખ) એ મંજૂર રાખેલો છે. સરદાર સરોવર ડેમના દરવાજા મૂકવા માટે મધ્યપ્રદેશ સરકારે પણ જાન્યુઆરી-૨૦૧૦માં આર એન્ડ આર સબગ્રુપ સાથે પરામર્શમાં રહીને અસરગ્રસ્તોના પૂનઃસ્થાપનની કામગીરી પૂર્ણ કરી દીધી હતી એટલું જ નહીં, મહારાષ્ટ્ર સરકારે પણ પૂનવર્સનની સંપૂર્ણ કામગીરી પૂરી કરી દીધી હતી, જેનો અહેવાલ નર્મદા કંટ્રોલ ઓથોરિટીને મળી ગયેલા છે.

આમ, સંબંધકર્તા ભાગીદાર રાજયોએ અસરગ્રસ્તોના પૂનવર્સનની કામગીરી સંપૂર્ણ પૂરી કર્યાના અહેવાલ, તા.૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ દિલ્હીમાં મળેલી નર્મદા યોજનાની આર એન્ડ આર સબ ગ્રુપ અને નર્મદા કંટ્રોલ ઓથોરિટીની બેઠકમાં રજૂ કરેલા જ હતા.

પ્રવકતા મંત્રીશ્રીઓએ જણાવ્યું કે આમ છતાં, દિલ્હીમાં યુપીએ સરકારના કોઈ રાજકીય દોરી સંચાર હેઠળ, કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા સચિવશ્રીના અધ્યક્ષસ્થાને મળેલી આર એન્ડ આર સબ ગ્રુપની બેઠકમાં તદ્દન નજીવા વાંધા ઉભા કરી, મહારાષ્ટ્ર સરકાર જ્યાં કોંગ્રેસી શાસન છે- તેની પાસે પૂર્તતા મંગાવવાના બહાને, ડેમના દરવાજાની મંજુરી આપવાનો નિર્ણય પાછો ઠેલવામાં આવ્યો હતો.

અત્રે ખાસ ઉલ્લેખનીય બાબત એ પણ છે કે મહારાષ્ટ્ર રાજયમાં કુલ ૪૧૨ લોકોના વિસ્થાપિતોના પૂનવર્સનની કામગીરી પૂરતી જમીનના અભાવે અટકે નહીં, ઝડપથી પૂર્ણ થાય એ માટે ગુજરાત સરકારે મહારાષ્ટ્રની સરકારની વિનંતી ત્વરિત સ્વીકારીને, મહારાષ્ટ્રના ૯૦ જેટલા અસરગ્રસ્તોને, મહારાષ્ટ્રની સરહદ નજીકના ગુજરાતના નિઝર તાલુકામાં ખાનગી ખેતીની જમીનો સંપાદિત કરી ખૂબ જ સારી રીતે વસાવવામાં આવ્યા હતા અને બાકીના ૩૨૨ અસરગ્રસ્તોના પૂનઃસ્થાપનની સંપૂર્ણ કામગીરી મહારાષ્ટ્ર સરકારે પણ પૂરી કરી દીધી હતી.

આમ, તા.૧૨મી સપ્ટેમ્બર ૨૦૧૨ના રોજ નર્મદા યોજનાના આર એન્ડ આર સબ ગ્રુપે જે તદ્દન નજીવા કારણોસર ડેમના દરવાજા મૂકવાની મંજૂરી આપવાનું કામ મૂલત્વી રાખેલું તે મહારાષ્ટ્ર સરકાર પાસેથી પૂર્તતા મેળવવાના બહાને જ

● અનુસંધાન પાન-૭ પર


બેસણું



મારા સુપુત્રી રંજનબેન ગોવિંદભાઈ પટેલ નું દુઃખદ અવસાન તા. ૨-૫-૨૦૧૩ને ગુરુવાર ના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૯-૫-૨૦૧૩, ગુરુવાર ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ :
સરદાર પટેલ સોસાયટી, મુ.પો. રાયપુર, તા.જી. ગાંધીનગર.

રુદ્રાક્ષ હોસ્પિટલ પરિવાર

સેલ...સેલ...સેલ...
જીન્સ-કોટન ધમાકા
૨ કોટન પેન્ટની ખરીદી ઉપર ૧ કોટન પેન્ટ ફ્રી
રૂા. ૨,૫૦૦/-ની ખરીદી ઉપર રૂા. ૫૦૦/-ની ખરીદી ફ્રી
● કોટન પેન્ટ - શર્ટ
● જીન્સ પેન્ટ
● Rs. 595/- ● Rs. 695/-
● Rs. 795/- ● Rs. 895/-
મુરલીધર
(સમય ૧૦ થી ૮)
● ફેક્ટરી આઉટલેટ, C/ 7-C/ 8, કોબા એપરલપાર્ક, હોટલ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટની બાજુમાં, કોબા, ગાંધીનગર.
● ૬૬, ન્યુ ગ્રીન માર્કેટ, ખોખરા, અમદાવાદ.

આકર્ષક બિઝનેસ
પાર્ટ ટાઈમ / ફુલટાઈમ
MNC સાથે બિઝનેસ તક
હાઉસ વાઈફ, વેપારી, નોકરીયાત, રીટાયર્ડ, વિદ્યાર્થીઓ (૧૮ વર્ષ ઉપરના માટે)
નો-ઈન્વેસ્ટમેન્ટ, અનલીમીટેડ કમાવો
સંપર્ક કરો
મો. ૮૪૬૦૫૮૦૩૮૬
મો. ૮૪૬૯૧૭૦૯૦૩

સાંઈ કૃપા ટ્રાવેલ્સ
(૧) શીર્ડી દર્શન તા. ૧૦/૫/૧૩ દિ. ૪ રાત્રે
(૨) શીર્ડી દર્શન સાથે મુંબઈ એસ.એલ. વર્લ્ડ દિ.૫ રાત્રે તા. ૨૦/૫/૧૩
(૩) કુલુ, મનાલી, સીમલા તા. ૨૦/૫/૧૩ દિ. ૧૫ રાત્રે
મહેન્દ્રભાઈ પટેલ
મો. ૯૮૨૪૩ ૧૭૫૩૯




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740

સંપૂર્ણ માહિતી માટે જુઓ...
SAHJANAND SCHOOL OF ACHIEVER
Cont : 9228008880 , 079-23 22 21 20
WWW.Schoolofachiever.in